G.C.P.G.(H-556)-700-2-14

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક ... 2014
... 118681

"આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો" યોજના અંતર્ગત જનસેવા કેન્દ્રમાં લેવાતા સેવા ચાર્જ (યુઝર્સ ચાર્જ) તરીકે અરજી દીઠ રૂ. ૨૦/- ની મર્યાદામાં નાગરીકો પાસેથી વસુલ કરવા બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક: નઅપ/૧૦૨૦૧૧/૨૨૨/વસુતાપ્ર-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૦૪/૦૨/૨૦૧૪.

**વંચાણમાં લીધા:**

(૧) સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંક: નઅપ/૧૦૨૦૧૧/૨૨૨/વસુતાપ્ર-૧, તા.૧૩/૪/૨૦૧૧.

(૨) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંક: નઅપ/૧૦૨૦૧૧/૩૪૩/વસુતાપ્ર-૧, તા.૦૫/૧૦/૨૦૧૧.

**આમુખ:**

રાજય સરકારે નાગરિકોની ફરિયાદો /અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ કરવા તથા વહીવટીતંત્રને વધુ અસરકારક, લોકાભિમુખ અને પારદર્શી બનાવવાના ઉદ્દેશથી રાજયમાં નાગરિક અધિકારપત્ર કાર્યક્રમ અમલમાં મૂકેલ છે. તથા નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અંતર્ગત કચેરીઓની મુલાકાતે આવતા નાગરિકોની સુવિધા માટે જનસેવા કેન્દ્રો ઉભા કરવામાં આવેલ છે.

૨. નાગરિક અધિકાર પત્ર કાર્યક્રમ અંતર્ગત તાલુકા કક્ષાનું વહીવટીતંત્ર પણ વધુ સુદ્રઢ બને. નાગરિકોની ફરિયાદો /અરજીઓનો સમય-મર્યાદામાં નિકાલ થાય તથા વહીવટી તંત્ર વધુ લોકાભિમુખ,અસરકારક અને પારદર્શક બને તે માટે ઉપર વંચાણે લીધેલ (૧) ના ઠરાવથી રાજ્યમાં "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" ની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. "આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો" કાર્યક્રમ અંતર્ગત જન સેવા કેન્દ્રમાં જુદા જુદા વિભાગોની સેવાઓ ઉપલબ્ધ કરવામાં આવે છે.

Perusal to Hon'ble V-C

upload on website

4 MAR 2014

૩. જન સેવા કેન્દ્રમાં રોજ બરોજની આવશ્યક ચીજ વસ્તુની જરૂરિયાતોના વહીવટી ખર્ચને પહોંચી વળવા તેમ જ જન સેવા કેન્દ્રોનું સંચાલન સુગમ રીતે થાય તે આશયથી જન સેવા કેન્દ્રોમાં નાગરિકોને આપવામાં આવતી સેવાઓ માટે અરજદાર દીઠ/ અરજી દીઠ રૂ. ૨૦/-(અંકે રૂપિયા વીસ પુરા) નાગરિકો પાસેથી સેવા ચાર્જ (યુઝર્સ ચાર્જ) તરીકે વસુલ કરવામાં આવે છે.

૪. જન સેવા કેન્દ્રમાં આપવામાં આવતી નીચેના કોષ્ટકમાં ક્રમ ૧ થી ૧૩ પર દર્શાવેલ સેવાઓનો હેતુ ફક્ત સહાય કરવાનો છે. આ બાબતને વિચારણામાં લઇ જન સેવા કેન્દ્ર દ્વારા આપવામાં આવતી સેવાઓ પૈકી આર્થિક પછાત, નિરાધાર કે વિધવા અરજદારોને સહાયરૂપ થાય તેવી સેવાઓને સેવા ચાર્જ (યુઝર્સ ચાર્જ) તરીકે વસુલ કરવામાં આવતી રૂ. ૨૦/- (વીસ) ની રકમ ચુકવવા માંથી મુક્તિ આપવાની બાબત સરકારની સક્રિય વિચારણામાં હતી.

ઠ રા વ:-

૫. પુખ્ત વિચારણાના અંતે આર્થિક પછાત, નિરાધાર કે વિધવા અરજદારોને લગતી **નીચેના કોષ્ટકમાં ક્રમ ૧ થી ૧૩ પર દર્શાવેલ સેવાઓ** માટે રૂ. ૨૦/- (વીસ) નો સેવા ચાર્જ (યુઝર્સ ચાર્જ) ભરવા માંથી આથી મુક્તિ આપવાનું ઠરાવવામાં આવે છે. નીચે જણાવેલ સેવાઓ માટે અરજદારે સેવા ચાર્જ (યુઝર્સ ચાર્જ) તરીકે કોઇ રકમ ભરવાની રહેશે નહીં.

| ક્રમ | સેવા કોડ | સેવા |
|---|---|---|
| ૧ | PANO-310 | વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર |
| ૨ | AFF-084 | વિધવા સહાય અંગેનુ આવકનુ સોંગદનામું |
| ૩ | NONO-080 | વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર |
| ૪ | OTH-335 | વિધવા હોવા અંગેનુ પ્રમાણપત્ર |
| ૫ | NONO-068 | નિરાધાર વૃધ્ધોને સમાજ સુરક્ષા યોજના હેઠળ સહાય આપવા |
| ૬ | SJED-326 | ઇંદિરાગાંધી નેશનલ ઓલ્ડ એઇજ પેન્શન યોજના અને વયવંદના યોજના |
| ૭ | SJED-327 | નિરાધાર વૃધ્ધો અને નિરાધાર અપંગોના નિભાવ માટેની યોજના |
| ૮ | SJED-328 | રાષ્ટ્રીય કુટુંબ યોજના ( સંકટ મોચન યોજના) |
| ૯ | PAND-292 | અંત્યેષ્ઠી સહાય |
| ૧૦ | PAND-293 | મફત તબીબી સહાય |
| ૧૧ | PAND-290 | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના |
| ૧૨ | OTHO60 | કુદરતી આફત મૃત્યુ સમયે ચુકવણું |
| ૧૩ | OTH-069 | રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના હેઠળ કુદરતી/અકુદરતી મૃત્યુ સહાય |

૬. ઉપરોક્ત ઠરાવ મહેસુલ વિભાગની ફાઈલ ક્રમાંક: અટવ – ૧૦૨૦૧૩/૭૫૪/એટીવીટી સેલ પર નાણા વિભાગની તા. ૧૦.૧૧.૧૩ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.કે. ઠાકોર)
ઉપ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

નકલ રવાના:

-- X મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

-- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-- સર્વે મંત્રીશ્રીઓના / રાજય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.

-- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

-- માન. દંડકશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

-- X સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર

-- X રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ

-- X સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

-- X સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર

-- X સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.

-- X સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.

-- સર્વે અધિક મુખ્ય સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

-- તમામ કલેક્ટરશ્રી/ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

-- સર્વે ખાતાના વડાશ્રીઓ

-- નિયામકશ્રી, મ્યુનીસીપાલિટી, (તમામ નગરપાલિકાઓને જાણ કરવાની વિનંતી સહ)
-- મહાનગર પાલિકા – અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જુનાગઢ, ગાંધીનગર
-- એકાઉન્ટન્ટજનરલશ્રી અમદાવાદ/ રાજકોટ
-- પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી અમદાવાદ/ ગાંધીનગર
-- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ
-- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
-- સીલેક્ટ ફાઇલ.

--------------------

X પત્ર દ્વારા

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૪/૩૧૪/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૦/૦૨/૨૦૧૪

પ્રતિ,
વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

જા.નં.નકૃયુ/રજી/અ–૩–૩/ ૩૯૨૭ /૨૦૧૪
તા.૦૪/૦૩/૨૦૧૪

કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ :–</u>

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.